सत्यमेव जयते

**<u>રે.દિ.મુ.નં. ૨૭/૨૦૨૩</u>**

**<u>–: વાદીની સી.પી.સી. ઓર્ડર–૩૯, રૂલ ૧–૨ તથા સેકશન–૧૫૧ તળે દરમ્યાન મનાઈ હુકમ મેળવવાની આંક–૫ ની અરજી હેઠળ હુકમ :–</u>**

(૧) વાદીએ આ કામના પ્રતિવાદીઓ વિરૂધ્ધ ડેકલેરેશન અને કાયમી મનાઈ હુકમ મેળવવા બાબતે દાવો દાખલ કરેલ છે અને તે ચાલતા દાવાના કામે હાલની દરમ્યાન મનાઈ હુકમ મેળવવા આંક–૫ ની અરજી લાવી તેમાં જણાવેલ છે કે, વાદીના કબજા, ભોગવટા અને માલિકીની જગ્યા કચ્છ જીલ્લાના માંડવી તાલુકાના ગામ–બીદડા મધ્યે આવેલ છે, આ મિલ્કતથી દખણાદી બાજુ પ્રતિવાદી નં.૧ વાળાની મિલ્કત આવેલ છે, આ દાવા કામે વાદવાળી જગ્યા તરીકે ઓળખાશે, આ કામના વાદીની મિલ્કત જગ્યાના ગ્રામ પંચાયત ઘર નં.૯૧૨ વાળી આવેલ છે, વાદીની આ જગ્યામાં એક રૂમ મોટા શટરવાળો આવેલ છે તેમા વિલાયતી નળીયા છે, તેમા ઘરની જુની વસ્તુના સ્ટોરેજ તરીકે ઉપયોગ કરે છે, તેથી આથમણી બાજુ છાપરાવાળો એક રૂમ શટરવાળો આવેલ છે અને વાદીની આ જગ્યાની દખણાદી બાજુ પ્રતિવાદી નં.૧ વાળાની મિલ્કત આવેલ છે, તે બાજુ પોતાના મકાનની દિવાલને જોડાજોડ પ્રતિવાદી નં.૧ વાળાએ કોઈ પણ જાતની કાયદેસરની પરવાનગી વિના ગેરકાયદેસર નવુ બાંધકામ ચાલુ કરેલ છે, આ પોતાની મિલ્કત વાદીએ તા.૧૧–૧૨–૨૦૨૦ વાળા રજીસ્ટર દસ્તાવેજથી અઘાટ વેંચાણ લીધેલ છે અને આ મિલ્કત વાદીના વેંચનારાએ તા.૩૦–૧–૨૦૧૬ વાળા રજીસ્ટર દસ્તાવેજથી ખરીદ કરેલ છે અને તેમના વેંચનારાએ તા.૧૭–૧–૨૦૦૮ વાળા દસ્તાવેજથી ખરીદ કરેલ છે, આ ત્રણે દસ્તાવેજોમાં મિલ્કતની ભરપ ૨૧.૪૬ ચો.મી. બાં

ધકામ છે તથા ભરપ ૧૪.૮૭ ચો.મી. ખુલ્લુ આંગણુ એ રીતે કુલ ભરપ ૩૬.૩૩ ચો.મી. છે, આ મિલ્કત વાદીના પુત્ર નંદલાલની હતી તેમણે તા.૧૭–૧–૨૦૦૮ વાળા દસ્તાવેજથી ખરીદ કરેલ, એ રીતે આ મિલ્કત ૧૫ વર્ષથી વાદી પરિવારની છે અને વાદી સારી રીતે પરિચિત છે, આ આંગણામાંથી આવજાવ કરવાનો હકક બાજુવાળી મિલ્કતનો હતો પણ પ્રતિવાદી નં.૧ વાળાના વેંચનારા મોરારજીભાઈના વારસો (૧) રમાબેન, (૨) મહેન્દ્રભાઈ તથા (૩) હિનાબેન ગામમાં આવેલ અને ૨૦૧૦ ના અરસામાં દિવાલ બનાવી અને હાલવા ચાલવાના હકકો જતા કરેલ છે અને હાલના પ્રતિવાદીના દસ્તાવેજમાં પણ હાલવા ચાલવાના હકકો આપવામાં આવેલ નથી, પ્રતિવાદીએ ૨૦૨૨ માં ખરીદ કરેલ છે તેમના ગ્રામ પંચાયત ઘર નં.૯૧૧ છે તેવુ તેમને જાણવા મળેલ છે અને તેમના દસ્તાવેજની ભરપ ૧૫૦.૬૫ ચો.મી. છે તેવુ દસ્તાવેજમાં દર્શાવેલ છે, પ્રતિવાદીએ જે દસ્તાવેજ બનાવેલ છે તે ખરો કે કાયદેસરનો નથી, આ દસ્તાવેજથી પ્રતિવાદીએ વાદીની માલિકી કબજા ભોગવટાની મિલ્કત ભરપ તથા ચતુર્દિશા પ્રમાણે પોતાની માલિકીની હોવાનું દર્શાવેલ છે અને પોતાની મિલ્કતમાં ભેળવી લીધેલ હોય તેવુ તેમના દસ્તાવેજથી જણાય છે, આમ આ પ્રતિવાદીનું કૃત્ય વાદીના કાયદેસરના હકકોને નુકશાન કર્તા છે, આ દસ્તાવેજ બનાવ્યા બાદ પ્રતિવાદીએ વાદીના પતિ વિરૂધ્ધ લેન્ડગ્રેબીંગની ફરીયાદ પણ કરેલ છે તેનો વિગતવાર જવાબ આપેલ છે, આ પ્રતિવાદી નં.૧ વાળાએ વાદીની મિલ્કતની જોડા જોડ કોઈ પણ જાતની પરવાનગી વિના ગેરકાયદેસર બાંધકામ ચાલુ કરેલ છે અને ત્યાં સ્થળ ઉપર પી.વી. ગોર કન્સ્ટ્રકશન એવુ બેનર લગાવેલ છે,

બુકીંગ ચાલુ છે તેનો ફોટો રજુ રાખેલ છે, જયારે વાદીને પ્રતિવાદીના દસ્તાવેજની માહિતી મેળવવા પ્રતિવાદી નં.૧ તથા ર વાળાને કાયદેસરની નોટીસ તા.૧૭–ર–ર૦ર૩ વાળી આપેલ છે તે બાદ પ્રતિવાદી નં.ર વાળાએ આજ સુધી કોઈ કાર્યવાહી પ્રતિવાદી નં.૧ વાળા વિરૂધ્ધ કરેલ નથી, ગેરકાયદેસર બાંધકામ અટકાવેલ નથી કે નોટીસમાં જણાવેલ આધારો કે માહિતી આજ સુધી પુરી પાડેલ નથી, આ પ્રતિવાદી નં.ર વાળાની મીઠી નજર તળે પ્રતિવાદી નં.૧ વાળા ગેરકાયદેસર કૃત્ય ચાલુ રાખેલ છે, આમ વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે, વાદીને માંગ્યા મુજબનો જો દરમ્યાન મનાઈ હુકમ આપવામાં નહિ આવે તો પ્રતિવાદી નં.૧ વાળા વાદીઓના હકકને નુકશાનકારક કૃત્ય કરશે અને તેમના આ કૃત્યો ધ્વારા વાદીઓને નાણામાં ન વાળી શકાય તેવુ નુકશાન થશે, જયારે પ્રતિવાદીને કાંઈ નુકશાન થાય તેમ નથી, એટલે સમગ્ર હકીકતે માંગ્યા મુજબની દાદ મેળવવા વાદીઓ હકકદાર છે એ રીતે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીઓની તરફેણમાં છે, જેથી વાદીએ વચગાળાની મનાઈ હુકમની અરજી દાખલ કરી નીચે જણાવ્યા મુજબની દાદ માંગેલ છે.

**(ર)** વાદીએ હાલની દરમ્યાન મનાઈ હુકમ મેળવવાની અરજીના પેરા નં.૧પ માં માંગણી કરી જણાવેલ છે કે,

*(૧) આ કામના પ્રતિવાદી નં.૧ વાળા દાવો ચાલતા દરમ્યાન વાદીની મિલ્કતથી દખણાદી બાજુ જોડાજોડ ગેરકાયદેસર બાંધકામ કરે કરાવે નહિ કે કોઈ નુકશાન વાદીની મિલ્કતને કરે નહિ અને તે બાજુ વાદીના સુખાધિકારનો હકક ભોગવવામાં જાતે કે માણસો, એજન્ટો મારફતે આવતા જતા અટકાવે નહિ તેવો દરમ્યાન મનાઈ હુકમ ફરમાવવા,*

*(૨) કાયદેસર અન્ય જે કાંઈ દાદ મળી શકતી હોય તે અપાવવા અરજ છે.*

(૩) વાદીની દાવા અરજી તથા આંક–પ ની દરમ્યાન મનાઈ હુકમની અરજી સંબંધે પ્રતિવાદીઓને સમન્સ/નોટીસ ઈસ્યુ કરતા, આ કામના પ્રતિવાદી નં.૧ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થઈ આંક–૧૪ થી જવાબ– દાવા જવાબ રજુ કરેલ છે અને તેમાં વાદીના દાવાની સ્પષ્ટપણે સ્વીકૃત કર્યા સિવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, વાદીની દાવા અરજી તથા આંક–પ ની અરજી ખરી કે કાયદેસરની નથી તેમજ આવી ખોટી અરજી કરી નામદાર કોર્ટના સમયનો દુરૂપયોગ કરે છે, વાદીને સદરહુ દાવો આણવા કાયદેસર કોઈ લોકસ સ્ટેન્ડી ન હોય તેમજ વાદીએ પ્રતિવાદી પર કોઈ વાતનું ગ્રીવન્સ રાખી હેરાન પરેશાન કરવાના બદઈરાદાથી નામદાર કોર્ટ સમક્ષ ખોટી રજુઆત કરેલ છે, વાદીનો દાવો ઈન ઈટસ પ્રેઝન્ટ ફ્રેઈમ એન્ડ ફોર્મ લીગલી મેઈન્ટેનેબલ નથી, વાદીનો સદરહુ દાવામાં કોઈ પણ જાતના રાઈટ, ટાઈટલ કે ઈન્ટરેસ્ટ ન હોય તેમજ જે દાદ માંગવામાં આવેલ છે તે લીગલી મેઈન્ટેનેબલ નથી, વાદીને સદરહુ દાવો કરવા કોઈ કારણ હતુ નહિ કે છે નહિ કે કયારે પણ ઉત્પન્ન થયેલ નથી તેમ છતાં ખોટો દાવો દાખલ કરી નામદાર કોર્ટના સમયનો દુરૂપયોગ કરેલ છે, વાદીએ પુરતી કોર્ટ ફી ભરપાઈ કરેલ નથી, બાંધકામ દુર કરવાની માંગણી કરેલ છે જયારે તેના પર થતી કોર્ટ ફી ભરપાઈ કરેલ નથી, વાદી અને પ્રતિવાદી નં.૧ વાળાની મિલ્કતો બાજુબાજુમાં આવેલા હકીકત સત્ય છે તેમજ હાલે પ્રતિવાદી નં.૧ વાળાએ પોતાની કાયદેસરની જગ્યા જે તેમણે રજીસ્ટર દસ્તાવેજથી ખરીદ કરેલ છે તેમા નવુ બાંધકામ કરાવે છે અને બાંધકામ બાબતની તેઓએ કોઈ

પરવાનગી લીધેલ નથી તેનો તેઓ સ્પષ્ટ ઈન્કાર કરે છે, વાદગ્રસ્ત મિલ્કત તેઓએ રજીસ્ટર દસ્તાવેજથી ખરીદ કરેલ છે, વાદીને જે ત્રણ દસ્તાવેજોનો ઉલ્લેખ કરેલ છે તે જોતા તેમા બાંધકામનું માપ અને ખુલ્લા આંગણાનું માપ દર્શાવેલ છે તે સંબંધે કોઈ સરકારી આધારો રજુ કરેલ નથી, જેથી તેઓ તે બાબતે પ્રતિવાદી નં.૧ વાળા તેનો સ્પષ્ટ ઈન્કાર કરે છે તેમજ વાદીએ પાછળથી જે શરતચુકનો દસ્તાવેજ કરેલ છે તે બનાવટી અને ખોટો ઉભો કરેલ છે જે કાયદેસરનું ના હોય તેઓ તેને માનતા કે સ્વીકારતા નથી તેમજ પેરા નં.૪ ની ચતુર્દિશા ખોટી જણાવેલ હોવાથી તે સ્વીકારતા નથી, વાદીએ અગાઉના ફોટોગ્રાફ રજુ કરેલ છે હાલની સ્થિતિ જાણી જોઈને કોઈ ફોટોગ્રાફ રજુ કરેલ નથી, પ્રતિવાદી નં.૧ પોતાની માલિકીની જગ્યામાં દસ્તાવેજના માપ અનુસાર તેનો ઉપયોગ કરે છે, પ્રતિવાદી નં.૧ વાળાએ કોઈ વિશેષ જમીન પોતાનામાં ભેળવેલ નથી, ઉલ્ટાનું વાદીએ તેમની જમીનનું ખોટુ દબાણ કરી કબજો લઈ લીધેલ હોવાથી તે સંબંધેની તેઓએ લેન્ડ ગ્રેબીંગની ફરીયાદ દાખલ કરેલ છે જે ફરીયાદનો હાલ નિર્ણય આવેલ નથી, આમ વાદી આ ફરીયાદથી બચવા ખોટો દાવો રજુ કરેલ છે, ખુદ વાદીએ જ પ્રતિવાદીની જમીન તેમજ જાહેર માર્ગની જમીનમાં ખોટુ દબાણ કરેલ છે અને પોતે સાચા સાબિત કરવા માટે તેમના પર ખોટો દાવો દાખલ કરેલ છે, પ્રતિવાદીએ બાંધકામ બાબતે નિયમ મુજબની પરવાનગી લીધેલ છે અને નવા મકાન બનાવવાનું કાર્ય કરે છે તેમજ પી.વી. કન્સ્ટ્રકશનના નામના બેનર બુકીંગ માટે લગાવેલ છે જે તમામ કાર્ય કાયદા નિયમ મુજબ તેઓ કરાવે છે, જે બાંધકામ કાયદેસરના નિયમ મુજબનું હોવાથી આજ દિન સુધી સરકારી વહીવટી

તંત્રએ તેમના બાંધકામ બાબતે કોઈ પત્ર કે નોટીસ તેઓને પાઠવેલ નથી, આમ આ દાવો દાખલ કરી વાદીનો પ્રતિવાદી નં.૧ ને હેરાન પરેશાન કરવાના એક માત્ર મલીન ઈરાદો ધરાવતા હોવાનું ફલિત થાય છે, પ્રતિવાદીના બાંધકામથી વાદીની મિલ્કતમાં હવા ઉજાશ બંધ થતા નથી વાદીએ ખુદ પોતાના બાંધકામમાં નિયમ મુજબની જગ્યા રાખેલ ના હોવાથી ઈઝમેન્ટ રાઈટસના પ્રશ્નો ઉપસ્થિત થાય છે તેના માટે વાદી ખુદ જવાબદાર છે, તેઓ પ્રતિવાદી નં.ર વાળાને જાણતા કે અંગત રીતે ઓળખતા ની, તેઓ એક સરકારી કર્મચારી છે અને મિલાપીપણુ, ગુઠબંધી કરવાના પાયા વિહોણા આક્ષેપો વાદી ધ્વારા કરવામાં આવેલ છે તે ગેરકાયદેસરના બિનજવાબદાર વ્યકિતને શોભે તેવા આક્ષેપો કરેલ હોવાથી વાદી પહેલેથી જ ખોટા હોવાથી ખોટી રજુઆતો કરી નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરી ખોટો દાવો કરેલ છે, પ્રતિવાદી નં.૧ નાએ રજીસ્ટર દસ્તાવેજથી મિલ્કતની ખરીદ કરેલ છે અને તેઓ માત્રને માત્ર એક બોનાફાઈડ પરચેઝર છે, તેમનો હેતુ સ્પષ્ટ અને સાફ છે, વાદીની આવી ખોટી રજુઆતોને ધ્યાને લઈ નામદાર કોર્ટ જો વચગાળાનો મનાઈ હુકમ તેમના વિરૂધ્ધ ફરમાવશે તો પ્રતિવાદી નં.૧ વાળાને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવુ મોટુ નુકશાન જાય તેમ છે તેમજ તેમની શાખ, પ્રતિષ્ઠાને હાનિ થાય તેમ છે, જયારે વાદીને આવુ કોઈ નુકશાન જાય તેમ નથી, વાદીએ દાવા અરજીમાં દાવાનું કારણ કયારે ઉત્પન્ન થયેલ તે ચોકકસ દર્શાવેલ નથી, જેથી દાવાની સમય મર્યાદા કયારથી ગણવી તે સ્પષ્ટ નથી, આમ ઉપરોકત જવાબ–દાવા જવાબને નેક લક્ષમાં લઈ વાદીનો દાવો તથા દરમ્યાન મનાઈ હુકમની અરજી ખર્ચ સહિત રદ્દ ફરમાવવા,

તેમજ વાદીનો ખોટો દાવો રજુ કરવા બદલ નામદાર કોર્ટને યોગ્ય લાગે તે મુજબનું વળતર અપાવવા તેમજ પ્રતિવાદીને થયેલ રૂા.૫,૦૦,૦૦૦/– નું નુકશાન બદલ યોગ્ય વળતર અપાવવા અરજ કરેલ છે.

**(૩.૧)** આ કામના પ્રતિવાદી નં.ર તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થઈ આંક–૩૦ થી જવાબ– દાવા જવાબ રજુ કરેલ છે અને તેમાં વાદીના દાવાની સ્પષ્ટપણે સ્વીકૃત કર્યા સિવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, ગુજરાત પંચાયત એકટની કલમ–૨૭૦ મુજબ કોઈ પણ દાવો કરતા પહેલા પંચાયતને એક માસની નોટીસ આપવી જોઈએ તેવી નોટીસ વાદીએ આપેલ નથી, વાદીના દાવાને નોન જોઈન્ડર ઓફ પાર્ટી અને મીસ જોઈન્ડર ઓફ પાર્ટીનો બાધ આવે છે કેમ કે ગુજરાત પંચાયત એકટ કલમ–૨૭૦ મુજબ ગ્રામ પંચાયતના અધિકારી સામે દાવો ચાલી શકે નહિ, આ કામે વાદીએ તલાટી સહમંત્રીને પક્ષકાર તરીકે જોડેલ છે તેથી મીસ જોઈન્ડર ઓફ પાર્ટીનો બાધ આવે છે, ગુજરાત પંચાયત એકટની કલમ–૫ મુજબ ગ્રામ પંચાયત એ સ્વાયત સંસ્થા છે, તેથી તેને દાખલ કરવામાં આવેલ નથી તેથી પણ વાદીનો દાવો ચાલી શકે નહિ, આ કામના વાદીએ કેટલીક મહત્વની હકીકતો ઈરાદાપુર્વક નામદાર કોર્ટથી છુપાવેલ છે અને તે રીતે વાદી નામદાર કોર્ટ સમક્ષ સ્વચ્છ હાથે આવતા નથી, વળી વાદીના દાવાને ડીલે, લેચીસ, એસ્ટોપલ વિકલ્પે એકવેસન્સનો બાધ આવે છે, આ કામના પ્રતિવાદીએ પોતાની મિલ્કતમાં બાંધકામ કરવા માટે કાયદેસરની પરવાનગી માંગતા તેને પંચાયત તરફથી

બાંધકામની પરવાનગી આપવામાં આવેલ છે, વળી આ કામના પક્ષકારો તે વાદી અને પ્રતિવાદી નં.૧ વચ્ચે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ કાર્યવાહી ચાલુમાં છે, તેમા પંચાયતે પોતાના રેકર્ડ મુજબ જવાબ રજુ કરેલ છે તેમજ આ કામના વાદીને પંચાયતે જરૂરી નોટીસ આપેલ હોય, પ્રતિવાદી નં.ર ને ખોટી રીતે પક્ષકાર તરીકે જોડેલ છે, વાદી અને પ્રતિવાદી નં.૧ વચ્ચે ખાનગી તકરાર સંબંધે પંચાયતને કોઈ લેવા દેવા નથી, જેથી વાદીનો દાવો ખર્ચ સહિત રદ્દ ફરમાવવા તેમજ પ્રતિવાદી નં.ર ને વાદીએ સદર દાવામાં ખોટી રીતે જોડેલ હોય કોમ્પેનસેટરી કોસ્ટ અપાવવા હુકમ થવા અરજ ગુજારેલ છે.

(૪) વાદી પક્ષ તરફે આંક–૩ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી માર્ક ૩/૧ થી ૩/૧૯ સુધી તથા માર્ક ૧૬/૧ વાળા દસ્તાવેજો રજુ કરી તેના ઉપર આધાર રાખેલ છે. જયારે પ્રતિવાદી નં.૧ તરફે આંક–ર૦ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી માર્ક ર૦/૧ થી ર૦/૭ સુધીના દસ્તાવેજો રજુ કરી તેના ઉપર આધાર રાખેલ છે.

(પ) વાદી પક્ષ તરફે વિ.વ.શ્રી એન. એચ. ગણાત્રા તથા પ્રતિવાદી નં.ર તરફે વિ.વ.શ્રી એચ. બી. રાયમાની મૌખિક દલીલો સાંભળી. જયારે પ્રતિવાદી નં.૧ તરફે વિ.વ.શ્રી કે. એસ. નેગીએ લેખિત દલીલ આંક–૩૧ થી રજુ કરેલ છે, જે ઘ્યાને તથા વંચાણે લીધી.

(૬) આ અરજીના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ કાઢવામાં

આવેલ છે :–

૧. શુ વાદીનો પ્રથમદર્શનીય કેસ છે ?

૨. શું સગવડતા અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?

૩. શું વાદીને મનાઈ હુકમથી રક્ષણ ન આપવામાં આવે તો નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થાય તેમ છે?

૪. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે :–

૧. નકારમાં,

૨. નકારમાં,

૩. નકારમાં,

૪. આખરી હુકમ મુજબ.

## –: નિર્ણયના કારણો :–

(૮) વાદીની હંગામી મનાઈ હુકમની અરજીનો નિર્ણય કરતાં પહેલા ઓર્ડર–૩૯, રૂલ–૧ ની જોગવાઈ ધ્યાને લેતાં, જયારે કોઈ દાવાની વાદગ્રસ્ત મિલ્કત વેડફાઈ જવાનો, કે તેને હાની થવાનો, કે તેને દાવાના કોઈ પક્ષકાર ધ્વારા હસ્તાંતર થવાનો ભય છે અથવા કોઈ હુકમનામાની બજવણીમાં વેચાઈ જવાનો ભય છે તેમજ તે મિલ્કત વેડફાઈ જતી હોઈ, તેને નુકસાન થતું હોઈ, બીજાને આપી દેવાની હોય, તે લેવાની હોય, તે ખસેડાતી હોય, તે મિલ્કતના સંબંધમાં વાદીનો કબ્જો છોડાવી દેવા નુકસાન પહોંચાડવા માટે જયારે કૃત્ય થતું હોય તેવા સંજોગોમાં સી.પી.સી.ના ઓર્ડર–૩૯,

રૂલ–૧ ને ધ્યાને લેવાનો રહે છે. ત્યારે સદર દાવામાં આંક–પ ની હંગામી મનાઈ હુકમની અરજીની હકીકતો તથા તેના સમર્થનમાં રજુ થયેલ દસ્તાવેજી આધારો ધ્યાને લેતાં દિવાની કાર્યરીતિ સંહિતા અનુસાર વાદીએ પોતાનો પ્રથમદર્શનીય કેસ છે તેવુ બતાવવાની જવાબદારી હંમેશા વાદી પક્ષની રહેલી છે.

**<u>મુદા નં.૧ થી ૪</u>**

(૯) ઉપરોકત મુદ્દાઓ પરસ્પર એક બીજા સાથે સંકળાયેલા હોય તેમજ દાવાની હકીકતો તથા પુરાવાનું પુનરાવર્તન નીવારવા સારૂ તે તમામની ચર્ચા અત્રે એક સાથે કરવામાં આવેલ છે.

(૯.૧) આ કામે વાદીની મુખ્ય તકરાર એવી છે કે, આ કામના પ્રતિવાદી વગર કોઈ કાયદેસરની પરવાનગી મેળવીને દાવાવાળી મિલ્કતમાં ગેરકાયદેસરનું બાંધકામ કરી રહેલ છે. વાદી તરફે તેમના કેસના સમર્થનમાં માર્ક ૩/૧ થી ૩/૧૯ સુધીના દસ્તાવેજો રજુ છે, જેમા માર્ક ૩/૧ થી તા.૧૧–૧૨–૨૦ ના રોજવાળુ વાદીની માલિકી અંગેનો દસ્તાવેજ છે, માર્ક ૩/૨ થી તા.૩૦–૧–૧૬ વાળો દસ્તાવેજ, માર્ક ૩/૩ થી તા.૧૭–૧–૨૦૦૮ વાળો દસ્તાવેજ, માર્ક ૩/૪ થી તા.૨૧–૨–૨૩ વાળો સુધારા દસ્તાવેજ નં.૬૬૫ તથા માર્ક ૩/૫ થી તા.૨૧–૨–૨૩ વાળો સુધારા દસ્તાવેજ નં.૬૬૪ ની નકલ રજુ કરેલ છે. આ કામે વાદીએ માર્ક ૩/૬ થી પ્રતિવાદીને મોકલવામાં આવેલી તા.૧૭–૨–૨૩ વાળી નોટીસ, માર્ક

૩/૭ થી પ્રતિવાદી નં.૧ નું પરત આવેલ રજીસ્ટર્ડ એડી. કવર, માર્ક ૩/૮ થી પ્રતિવાદી નં.ર ને બજેલ નોટીસની એકનોલેજમેન્ટ રજુ કરેલ છે. માર્ક ૩/૯ થી વાદીએ ગુજરાત જમીન પચાવી પાડવા સંબંધેનો જવાબ રજુ કરેલ છે, જે જવાબ વાદી તથા પ્રતિવાદી વચ્ચે લેન્ડ ગ્રેબીંગ હેઠળ ચાલતી ફરીયાદ અંગેનો છે. માર્ક ૩/૧૦ થી ૩/૧૮ સુધી વાદીએ ફોટા રજુ કરેલ છે તથા માર્ક ૩/૧૯ થી સદરહુ ફોટાઓના બીલ રજુ કરેલ છે. આ કામે વાદીની અરજીના અનુસંધાને કોર્ટ કમિશ્નર પત્ર ઈસ્યુ કરવામાં આવેલ છે, જે લગત કોર્ટ કમિશ્નરનાએ આંક–૨૫ થી સ્થાનિક જગ્યાનો નકશો તથા આંક–૨૬ થી સ્થાનિક જગ્યાનું પંચનામુ રજુ કરેલ છે. કોર્ટ કમિશ્નર ધ્વારા રજુ નકશો તથા પંચનામુ જોતા આ કામના પ્રતિવાદીએ કોઈ દબાણ કરેલ હોવાનું જણાય આવતુ નથી. વધુમાં, આ કામે પ્રતિવાદી નં.ર જે તલાટી સહ મંત્રી, બીદડાનાઓ છે તેઓએ આંક–૩૦ થી તેમનો જવાબ રજુ કરેલ છે જેમા તેઓએ પેરા નં.૫ માં જણાવેલ છે કે આ કામના પ્રતિવાદી નં.૧ પોતાની મિલ્કતમાં બાંધકામ કરવા કાયદેસરની પરવાનગી માંગતા તેને પંચાયત તરફથી બાંધકામની પરવાનગી આપવામાં આવેલ છે. આ કામે પ્રતિવાદી નં.૧ નાએ આંક–૧૪ થી તેમનો જવાબ રજુ કરેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે તેમના ધ્વારા કોઈ પણ પ્રકારનું ગેરકાયદેસરનું બાંધકામ કરવામાં આવેલ નથી તથા તેઓએ બાંધકામ કાયદેસરના નિયમ મુજબનું અને પરવાનગી મેળવીને કરી રહેલ છે, તેઓએ વાદીના સુખાધિકારને નુકશાન પહોંચાડતુ કોઈ પણ કૃત્ય કરી રહેલ નથી. આ કામે પ્રતિવાદીએ માર્ક ૨૦/૧ થી દસ્તાવેજ અનુક્રમાંક નં.૭૭૩/૨૨ ની ખરી નકલ, માર્ક ૨૦/૨ થી ગ્રાઉન્ડ ફલોરની બાંધકામની મંજૂરી, માર્ક

૨૦/૩ થી ફર્સ્ટ ફલોરની બાંધકામની મંજૂરી, ૨૦/૪ થી ગ્રાઉન્ડ ફલોરનું મંજૂર થયેલ બાંધકામનો નકશો, ૨૦/૫ થી ફર્સ્ટ ફલોરનો મંજૂર થયેલ બાંધકામનો નકશો, ૨૦/૬ થી બાંધકામના ફોટોગ્રાફસ તથા ૨૦/૭ થી ફોટોગ્રાફસના બીલની નકલ રજુ કરેલ છે. આ કામે પ્રતિવાદી ધ્વારા રજુ થયેલ દસ્તાવેજો જોતા પ્રતિવાદીએ બીદડા ગ્રામ પંચાયતમાંથી મેળવેલ પરવાનગીના અનુસંધાને બાંધકામ કરેલ હોવાનું જણાય આવે છે. તેથી બન્ને પક્ષો તરફે રજુ થયેલ પુરાવા અનુસંધાને વાદીનો પ્રથમદર્શનીય કેસ જણાય આવતો નથી. જેથી વચગાળાની મનાઈ હુકમની અરજીનો નિર્ણય કરવાના તમામ મુદ્દાઓ આ તબકકે વાદીઓની તરફેણ નહિ કરતા હોવાનું રજુ થયેલ દસ્તાવેજી આધારો તથા પ્રતિવાદી પક્ષની રજુઆત આધારે માનવાને કારણ રહે છે.

આમ, આ કામના વાદી પ્રથમદર્શનીય કેસ ધરાવતા નથી તેમજ સગવડતા અગવડતાની સમતુલા પણ વાદીની તરફેણમાં નથી અને મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને કોઈ નુકશાન થાય તેમ નથી, તેથી વિપરીત જો મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓને નાણામાં ભરપાઈ ન થાય તેવુ નુકશાન થાય તેમ છે. જેથી **મુદા નં.૧ થી ૩ નો જવાબ નકારમાં** આપી, **મુદા નં.૪ અન્વયે નીચે મુજબનો હુકમ** ફરમાવવામાં આવે છે.

## -: હુકમ :-

- વાદીની દરમ્યાન મનાઈ હુકમની આંક–૫ ની અરજી, આથી **ના–મંજૂર યાને રદ્દ** કરવામાં આવે છે.
- 
- અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:** ૦૨–૦૪–૨૦૨૪
**સ્થળ :** માંડવી

**(સ્વાતિ રાજબીર)**
એડીશનલ સિવિલ જજ, માંડવી–કચ્છ
કોડ નં.જી.જે.૦૧૫૧૭